

NHS England



# વાલપ્રોએટ લઈ રહેલી મહિલાઓ અને લોકો માટે દવા સમીક્ષાઓ વિશે માહિતી લીફલેટ










Gujarati

# આ લીફલેટ શેના વિશે છે?





આ લીફલેટ વાલપ્રોએટ લઈ રહેલી 55 થી ઓછી ઉંમરની કોઈપણ વ્યક્તિ માટે લાભો અને જોખમો વિશે છે. આ તમને વાલપ્રોએટ શરુ કરવા અથવા લેવા બાબતે તમારા નિષ્ણાત સાથે વાત કરવામાં ટેકો આપવા માટે છે. વાલપ્રોએટને ક્યારેક એપિલિમ અથવા ડેપકોટ કહેવાય છે. વાલપ્રોએટનો ઉચ્ચાર વાલ-પ્રો-એટ એવો થાય છે.





વાલપ્રોએટ એ એપિલેપ્સિ (ખેંચ અથવા વાઈ) અથવા બાઈપોલર વિકાર (એક માનસિક વિકાર) અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓની સારવારમાં ખૂબ અસરકારક હોઈ શકે છે. જનરલાઈઝ્ડ (મગજની બંને બાજુ અસર કરતી) વાઈ અથવા ખેંચ ઘટાડવા માટે તે શ્રેષ્ઠ દવા છે.





તમે સારું જીવન જીવવા અને સલામત રહો તે માટે શ્રેષ્ઠ દવા વિશે તમારા નિષ્ણાત તમને જણાવશે. ક્યારેક કેટલાક લોકો ખેંચ અથવા વાઈને કારણે ખૂબ બીમાર થઈ શકે છે અને કેટલાક લોકો અચાનક મૃત્યુ પામી શકે છે (SUDEP તરીકે જાણીતું, એપિલેપ્સિથી અચાનક અનપેક્ષિત મૃત્યુ).




તમારા નિષ્ણાત તમારી તથા તમારા કાળજીપ્રદાતાઓ, પરિવાર અથવા સલાહ આપનાર સાથે તમારી વાલપ્રોએટ દવાના લાભો અને જોખમો બાબતે વાત કરશે. તેઓ SUDEP અને તમારા સ્વાસ્થ્ય સામેના અન્ય જોખમો વિશે સમજાવશે.





જો તમે ગર્ભવતી હોવ ત્યારે વાલપ્રોએટ લો તો તમારા શિશુને સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે.




વાલપ્રોએટ શિશુના શરીર અને મગજના વિકાસને પ્રભાવિત કરી શકે છે. શિશુનું મગજના વિકાસ સંબંધે સમસ્યા થવાની 30-40% સંભાવના હોઈ શકે છે.

આનો અર્થ એવો હોઈ શકે કે તેમને શીખવા અંગે અક્ષમતા અથવા ઑટિઝમ થઈ શકે અથવા તેઓ ધ્યાન કેન્દ્રિત ન કરી શકે અથવા સ્થિર બેસી ન શકે (ADHD).



## મારી વાલપ્રોએટ દવાની સમીક્ષા કરવી મારે માટે જરૂરી કેમ છે?


જો તમે વાલપ્રોએટ લેતા હોવ તો તેનાથી શિશુઓમાં સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થઈ શકે છે. જો તમે 55 થી ઓછી વયના હોવ તો તમને દર વર્ષે તમારા નિષ્ણાતને મળવા માટે કહેવામાં આવશે. આને દવાની સમીક્ષા કહેવામાં આવે છે.



જો તમારી પાસે સ્વાસ્થ્યકાળજી પાસપોર્ટ હોય, તો તે તમારા નિષ્ણાતને બતાવો. તેનાથી તમને ટેકો આપવામાં તેમને મદદ મળશે.




તમારી દવા સંબંધિત કોઈપણ નિર્ણયમાં તમે સામેલ હોવ તે અનિવાર્ય છે. તમારા નિષ્ણાત સાથે મુલાકાતો વખતે તમે કોઈકને તમારી સાથે રાખી શકો છો, જેમકે તમારા પરિવારના સભ્ય, કાળજીપ્રદાતા, મિત્ર, સલાહકાર અથવા એવી કોઈ વ્યક્તિ જે તમને પોતાના અભિપ્રાય વ્યક્ત કરવામાં મદદ કરી શકે.



યાદ રાખશો કે તમારો અભિપ્રાય સૌથી અગત્યનો છે. જો તમને સમજ ન પડે તો પૂછવાનું ચૂકશો નહિ. તમારા શરીર અને તમારા જીવન અંગેના નિર્ણયોમાં તમે સામેલ નથી તેવું તમને લાગતું હોય તો જણાવો.





તમારા નિષ્ણાત પૂછશે કે તમે બાળકને જન્મ આપવા વિશે આયોજન કરી રહ્યાં છો કે કેમ અથવા તમે ગર્ભવતી થશો તેવું તમને લાગતું નથી કે કેમ. તેઓ તપાસશે કે આમ છતાં પણ વાલપ્રોએટ તમારે માટે શ્રેષ્ઠ દવા છે કે કેમ. તમને નિષ્ણાત સાથે મળીને એક વાર્ષિક જોખમ સ્વીકૃતિ પત્રક (ARAF) ભરવા કહેવામાં આવશે. તમને ARAF ની એક નકલ આપવામાં આવશે.



## મને નથી લાગતું કે હું ગર્ભવતી બનીશ

જો તમારું અને નિષ્ણાતનું એવું માનવું ન હોય કે તમે ગર્ભવતી બનશો, તો તેઓ આ વાત ARAF માં કારણ સાથે લખશે.


# હું ગર્ભવતી થાઉં તેવું બને



જો તમારું અને નિષ્ણાતનું માનવું હોય કે તમે ગર્ભવતી બની શકો, તો તેઓ તમને દર વર્ષે મળશે. તમે તમારી એપિલેપ્સિ અથવા બાઈપોલર વિકાર વિશે ચર્ચા કરશો અને એ ચકાસશો કે શું આમ છતાં પણ વાલપ્રોએટ તમારે માટે શ્રેષ્ઠ દવા છે. તેઓ ચકાસશે કે તમે તે લેવા માટે સંમત છો કે કેમ.





જો તમે 55 વર્ષથી ઓછી ઉંમરના હોવ અને ગર્ભવતી બની શકો તેમ હોવ, તો જ્યારે બે નિષ્ણાતો સંમત થાય કે વાલપ્રોએટ તમારે માટે શ્રેષ્ઠ દવા છે ત્યારે તેનો ઉપયોગ થઈ શકે છે. તમારે આંકડી અથવા ગર્ભનિરોધક સાધન બેસાડવા જેવા ગર્ભનિરોધ વિશે વિચાર કરવો જરૂરી રહેશે. તમે તમારા વિકલ્પો વિશે સલાહમસલત માંગી શકો છો.




જો તમે ગર્ભવતી થઈ શકો તેમ હોય, તો તમારા નિષ્ણાત તમારી સાથે ચર્ચા કરશે કે તમારે માટે વાલપ્રોએટ જેટલી જ સારી હોઈ શકે તેવી અન્ય કોઈ દવા છે કે કેમ.





વાલપ્રોએટ બંધ કરીને તેના જેટલી સારી રીતે કામ ન કરતી હોય તેવી દવા પર જવાથી, અથવા તેને ખૂબ જલ્દી બદલવાથી તમારી ખેંચ અથવા સ્વાસ્થ્ય સમસ્યાઓ વણસી શકે. કેટલાક લોકોને હૉસ્પિટલમાં દાખલ થવું પડે તેવું બને અને કેટલાક લોકોનું મૃત્યુ થઈ શકે.



# હું ગર્ભાવસ્થા વિશે આયોજન કરવા અંગે વિચારું છું


જો તમે ગર્ભ ધારણ કરવાનું આયોજન કરી રહ્યાં હોવ, તો તમે તમારા ડૉક્ટર સાથે વાત કરો તે ખૂબ અગત્યનું છે. તમે ગર્ભવતી બનો તે પહેલાં તમને અથવા તમારા શિશુને રહેલા કોઈપણ જોખમને ઘટાડવા માટે શક્ય તેટલું બધું કરવામાં તેઓ તમને મદદ કરશે.



જો તમે ગર્ભવતી બનો તો તમારે તમારા ડૉક્ટરને ખૂબ જલ્દીથી જણાવવું જરૂરી છે. એ અગત્યનું છે કે તમારા નિષ્ણાત સાથે ચર્ચા કર્યા વિના તમારી વાલપ્રોએટ દવા લેવાની બંધ ન કરો, કારણ કે આમ કરવું ભયજનક છે.



જો તમે ગર્ભવતી બનો અને તમને ખેંચ કે વાઈ આવે તો તેને શક્ય તેટલા વધુ અટકાવવા એ અગત્યની બાબતે છે. ઘણી વધુ ખેંચ આવવાથી શિશુઓના શરીર અને મગજના વિકાસ પર પ્રભાવ પડી શકે છે. ક્યારેક મહિલાઓ અને ગર્ભસ્થ શિશુઓ ખેંચ આવાને કારણે અને SUDEP (એપિલેપ્સિથી અચાનક અનપેક્ષિત મૃત્યુ) ને કારણે મૃત્યુ પામે છે.



એપિલેપ્સિની સમસ્યા હોય એવી ઘણી મહિલાઓની ગર્ભાવસ્થા સારી રહે છે, પરંતુ તે અસલામતીભર્યો સમય હોય છે. અમુક મહિલાઓ ગર્ભ ધારણ કર્યા વિના દત્તક લઈને માતા બને છે.






## વધુ માહિતી

તમે આ લીફલેટની એક PDF અહીંથી ડાઉનલોડ કરી શકો છો અને વધુ જાણકારી મેળવી શકો:

**southeastclinicalnetworks.nhs.uk/valproate**

તમે તમારા ફોનનો કેમેરા તેની તરફ ફેરવીને **આ QR કોડને સ્કૅન** કરી શકો છો.

આ લીફલેટ અનેક અન્ય ભાષાઓમાં ડાઉનલોડ કરી શકાય તે રીતે પણ ઉપલબ્ધ છે.

## સ્વીકૃતિ

સમગ્ર દક્ષિણ પૂર્વ ક્ષેત્ર અને અન્યત્રના તમામ ક્લિનિશિયન્સ તથા એપિલેપ્સિ અને માનસિક સ્વાસ્થ્ય સ્થિતિઓ એમ બંને વિશેના અનુભવો થકી બનેલા નિષ્ણાતો, જેમણે આ લીફલેટ માટે યોગદાન આપ્યું છે તેમનો આભાર.

અમે Active Prospects, ProActive Community Members, SUDEP Action અને My Life My Choice તરફથી મળેલા યોગદાન માટે વિશેષરૂપથી કૃતજ્ઞ છીએ, જેમણે અમારી સાથે આ લીફલેટને આકાર આપ્યો છે.

‘Easy-on-the-i’ ચિત્રો કોપીરાઇટ © Leeds and York Partnership NHS Foundation Trust.

CS57039 NHS Creative 2024